ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૧૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૮ ટકા ● સાંજે ૨૭ ટકા

# મનપાના નવા સમાવિષ્ટ વિસ્તારમાં ઘરે ઘરેથી કચરો લેવાની કામગીરીનો પ્રારંભ

## ગાંધીનગર શહેરના જેવી જ સફાઇની વ્યવસ્થા નવા વિસ્તારમાં અમલી કરાઇ છે : રીટાબેન પટેલ
## ડેપ્યુટી મેયર નાજાભાઇ ઘાંઘર અને સ્થાનિક વિસ્તારના આગેવાનો કચરા ગાડીને લીલીઝંડી બતાવવા ઉપસ્થિત રહ્યા હતાં




ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના જેવી સફાઈની વ્યવસ્થા મહાનગર પાલિકામાં નવા ભળેલા વિસ્તારમાં કરવામાં આવી રહી છે. શનિવારે સવારે નવા વિસ્તારમાં ઘરે ઘરેથી કચરો લેવાની કામગીરીનો પ્રારંભ કુડાસણમાં રિલાયન્સ ચોકડી પાસેથી મેયરશ્રી રીટાબેન પટેલના હસ્તે કરાવવામાં આવ્યો હતો. મેયરશ્રી તથા ડેપ્યુટી મેયરશ્રી નાજાભાઈ ઘાંઘર અને સ્થાનિક વિસ્તારના આગેવાનોએ ૩૫ કચરા ગાડીઓને લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવી હતી. આ તકે મેયરશ્રીએ રીટાબેન પટેલે જણાવ્યું કે ગાંધીનગર શહેરના જેવી જ સફાઈ વ્યવસ્થા ૧૮ ગામ, પેથાપુર નગર પાલિકા અને ૭ ટીપી વિસ્તારમાં કરવામાં આવી છે. હવેથી નવા સહિત સમગ્ર મહાપાલિકા વિસ્તારમાં દરેક ઘરેથી સવારે નિયત સમયે કચરો લઈ જવામાં આવશે.

મેયરશ્રીએ જણાવ્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્વચ્છ ભારત મિશન અને સ્વચ્છતા સર્વેક્ષણ શરૂ કરાવવામાં આવ્યા છે અને તેનો અમલ દેશભરમાં કરવામાં આવ્યો છે. ગાંધીનગર મહાનગર પાલિકા પણ સ્વચ્છતા સર્વેક્ષણના સંબંધમાં ગોઠવવામાં આવેલી વ્યવસ્થાઓના પગલે અગ્રતાક્રમ મેળવ્યા છે. આ અંતર્ગતની સ્પર્ધાઓમાં પણ નગરવાસીઓ અને સંસ્થાઓ જોડાઈ હતી. ત્યારે સ્વચ્છતાને આદત બનાવવામાં આવે તો આવતીકાલના ભારતની તસવિર જુદી જોવા મળશે. પ્રદુષણ મુક્ત સમાજ વ્યવસ્થા ગોઠવી શકાશે અને જાહેર આરોગ્યને વધુ સમૃદ્ધ બનાવી શકાશે. સેનિટેશન સુપ્રિટેન્ડેન્ટ સંદિપસિંહ ગોહિલે જણાવ્યું કે નવા વિસ્તારોમાંથી કુલ મળીને દૈનિક ૬૦ ટન જેટલા કચરાનું એકત્રીકરણ કરવામાં આવશે અને સુકો અને ભીનો કચરો અલગ લેવામાં આવશે.



# ઘ-૫ પાસે માર્ગ ક્રોસ કરતા વિદ્યાર્થીને બાઈક ટકરાતા ઈજા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના ઘ-૫ પેટ્રોલપંપ પાસે માર્ગ ઓળંગતી વખતે વિદ્યાર્થીને બાઈક ચાલકે અડફેટે લેતા ઈજા પહોંચી હતી. વિદ્યાર્થીને પગે ઈજા પહોંચતા તાત્કાલીક સારવાર માટે ખસેડાયો હતો. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ રાજસ્થાનના અને કલોલ દ્વારકેશ એપાર્ટમેન્ટ ખાતે રહેતા સુજાનસિંહ દલુરામ ગુર્જર (ઉં.૪૭) પોતાના પરિવાર સાથે રહે છે. સુજાનસિંહ પેસીફિક સિરામીક ખાત્રજ ખાતે સફાઈ કોન્ટ્રાકટ ચલાવે છે. જયારે ફરીયાદીના દિકરા સેકટર-૨૩ ગુરુકુલ અને શ્રી હરી ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે અભ્યાસ કરે છે. રીપીટરનું ફોર્મ ભરવાનું હોવાથી ફરીયાદીના બે દિકરા અને તેમના સાઢુનો દિકરો ગાંધીનગર આવ્યા હતા. બપોરના પોણા એક વાગ્યાના અરસામાં માર્કશીટની ઝેરોક્ષ નીકાળીને માર્ગ ઓળંગતી વખતે અચાનક ઘ-૫ તરફથી આવી રહેલી બાઈક નં. જી.જે.૧૮.ડી.ડી.-૧૪૨૯ યુવકના જમણા પગે અથડાવી હતી. અકસ્માત બાદ યુવક નીચે પડી જતા હાથે પગે ઈજા પહોંચતા તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ અને ત્યાંથી વધુ સારવાર માટે હિમતનગરની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. બનાવ અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# ૧૫૦થી વધુ વ્યકિતના કોવીડ ટેસ્ટ કરાશે

ગાંધીનગર, તા.૨૦

ભારતના રાષ્ટ્રપતિ રામનાથ કોંવિદ ગુજરાતના પાટનગર ગાંધીનગર શહેરના મહેમાન બનવાના છે. તા.૨૩ મીના રોજ મહાત્મા મંદિર ખાતે આયોજીત કેન્દ્રીય વિશ્વ વિદ્યાલયના ત્રીજા દિક્ષાંત સમારોહમાં ખાસ ઉપસ્થિત રહેવાના છે. ત્યારે વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર દ્વારા પુરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. કાર્યક્રમને અનુલક્ષીને અધિકારી-કર્મચારીઓ રાત દિવસ કામ કરીને તૈયારીઓને આખરી ઓપ આપી રહ્યા છે. રાષ્ટ્રપતિ ગાંધીનગર ખાતે રાત્રી રોકાણ કરવાના હોવાથી તેમની સલામતીના તૈયારીઓનું બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવે છે. આ દિક્ષાંત સમારોહમાં કોવીડની ગાઈડ લાઈન મુજબ રાજભવનના સ્ટાફના કર્મચારીઓ તેમજ ડીગ્રી લેવા સ્ટેજ પર જનાર તમામ વિદ્યાર્થીઓના કોવીડ ટેસ્ટ કરવામાં આવશે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ૧૫૦ થી વધુ વ્યકિતના કોવીડ ટેસ્ટ કરવામાં આવશે. કોવીડ ટેસ્ટ નેગેટીવ આવ્યા બાદ જ મહાત્મા મંદિર ખાતે વિદ્યાર્થીઓને આગળ જવા દેવામાં આવશે.

# કચ્છ કાઠિયાવાડ રાજપૂત સમાજની વાર્ષિક સામાન્ય સભા યોજાશે

ગાંધીનગર, તા.૨૦

કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ દ્વારા તા. ૭ માર્ચના રોજ સાંજે ૫ કલાકે સે-૧૭ બ્લોક નં. ૧૪૬/૪, 'ચ' ટાઈપ ખાતે વાર્ષિક સામાન્ય સભા યોજાશે. જેમાં વાર્ષિક પ્રગતિ અહેવાલ અને હિસાબ રજૂ કરાશે આ સભામાં તમામ કારોબારી સભ્યો, ટ્રસ્ટીઓ, સલાહકારો, સેકટર પ્રતિનિધિઓ તથા આજીવન સભ્યોને ઉપસ્થિત રહેવા સંસ્થાના મંત્રી જસવંતસિંહ ગોહિલ દ્વારા જણાવાયું છે. સભા દરમિયાન સર્વે સભ્યોએ માસ્ક પહેરવો ફરજિયાત છે તથા કાર્યાલય ખાતે સેનીટાઈઝરની પણ વ્યવસ્થા કરવામાં આવી છે તેમ મંત્રી જસવંતસિંહ ગોહિલે જણાવ્યું છે.

# ત્રણ વર્ષ વર્ષથી નાસતુ ફરતુ દંપતિ ઝડપાયુ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના સેકટર-૭ પોલીસ મથક ખાતે વર્ષ ૨૦૧૮માં શારીરીક માનસિક ત્રાસની ફરીયાદ પુત્રવધુએ નોંધાવી હતી. મળતી વિગત મુજબ એલસીબી-૧ પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પીએસઆઈ ડી.એસ.રાઓલ સ્ટાફના જવાનો સાથે વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમિયાન મહિલા કોન્સ્ટેબલ કુસુમબેન અને રાજેન્દ્રસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી. સેકટર-૭ પોલીસ મથકે નોંધાયેલા ગુનામાં છેલ્લા ત્રણ વર્ષથી નાસતા ફરતા આરોપી સેકટર-૨ ખાતે આવ્યા છે. જેથી એલસીબી પોલીસે સેકટર-૨ પ્લોટ નં.૧૭૫૧-૨ ખાતે રહેતા અભિષેક યોગેશભાઈ વ્યાસ અને તેમના પત્નિ જયોત્સના બેન વ્યાસને પકડી પાડ્યા હતા. આ દંપતિ વિરુધ્ધ તેમની પુત્રવધુએ વર્ષ ૨૦૧૮માં શારીરીક માનસિક ત્રાસ અને દહેજ ધારા હેઠળ ગુનો નોંધાવ્યો હતો. જો કે સમાધાન થઈ જતા સમગ્ર પરિવાર કેનેડા જતો રહ્યો હતો. બનાવ અંગે પોલીસે દંપતિની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દહેગામ-બાયડ માર્ગ પર આઈશર અને એકટીવા વચ્ચે અકસ્માત : બે યુવકના મૃત્યુ

ગાંધીનગર, તા.૨૦

દહેગામ - બાયડ માર્ગ પર ઉમીયા સોસાયટી નજીક આઈશર ટ્રક અને એકટીવા વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં એકટીવા પર સવાર બે આશાસ્પદ યુવકના મૃત્યું નિપજયા હતા. અકસ્માતમાં આઈશર નીચે આવી જતા યુવકોને માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જયારે બે યુવકના મૃત્યુંને પગલે દહેગામ શહેરમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. બે આશાસ્પદ યુવકના મૃત્યુને પગલે પરિવાર પર આભ તુટી પડ્યું હતું. અકસ્માત બાદ ચાલક આઈશર મુકીને નાસી છુટ્યો હતો. બનાવ અંગે દહેગામ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ દહેગામ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે એમ્બ્યુલન્સ ચલાવતા સૌકતભાઈ ઈસ્માઈલભાઈ સૈયદ (ઉં.૪૬ રહે. મોટી મસ્જીદ દહેગામ લવાડ રોડ) પોતાના પરીવાર સાથે રહે છે. સૌકતભાઈનો દિકરો સાહિલ અને તેનો મિત્ર જયેશ એકટીવા નં. જી.જે.૧૮.ડી.એચ.-૭૧૯૦ લઈને લવાડ તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન દહેગામ-બાયડ માર્ગ પર ઉમીયા સોસાયટી નજીક આવતા આઈશર ટ્રક નં. જી.જે.૦૧.સી.ઝેડ.-૩૧૦૮ ના ચાલકે એકટીવા સાથે ટકરાતા અકસ્માત સર્જાયો હતો. આ ગંભીર અકસ્માતમાં એકટીવા પર સવાર બે યુવકોને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે જ મૃત્યુ નિપજયા હતા. અકસ્માત બાદ ચાલક આઈશર મુકીને નાસી છુટ્યો હતો. જયારે અકસ્માત સ્થળે મોટીમાત્રામાં સ્થાનિક નાગરીકો દોડી આવ્યા હતા. અકસ્માતને પગલે ટ્રાફિક જામ થઈ ગયો હતો. યુવકોના પરિવારને મૃત્યુની જાણ થતા તેમના પર આભ તુટી પડ્યું હતું. આશાસ્પદ યુવકોના અચાનક મૃત્યુથી દહેગામમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. જયારે જયેશ ગાંધીનગરના પાલજ ગામનો હોવાનું ધ્યાને આવ્યું હતું. બનાવ અંગે દહેગામ પોલીસે ગુનો નોંધી ફરાર ટ્રક ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.




સમગ્ર મીના બજાર એસોસિએશન અને લારી પાથરણા મંડળ દ્વારા ચેહર માતાના જન્મદિન નિમિત્તે સુંદરકાંડ પાઠ કરી ઉજવણી કરવામાં આવી હતી.

# સ્પે. ચિલ્ડ્રન હોમના બાળકો માટે 'સાયબેઝ આશા'એ ૩ માસનું અનાજ-કરિયાણું આપ્યું

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના સેક્ટર-૧૯માં જે.ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશન સંચાલિત સ્પેશ્યલ ચિલ્ડ્રન હોમ ખાતે આજે સવારે સાયબેઝ સોફ્ટવેર પ્રાઈવેટ લિમિટેડ કંપનીના સીએસઆર યુનિટ સાયબેઝ આશા દ્વારા સંસ્થાના ૩૨ શેરો પોઝીટીવ બાળકોને માટે ત્રણ મહિના ચાલે તેટલું અનાજ-કરિયાણાનું દાન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે જે. ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશનના ચેરમેન અનુપભાઈ પરીખ પણ ઉપસ્થિત રહ્યાં હતા.

સંસ્થાની મુલાકાતે ઉપસ્થિત સાયબેઝ આશાના ૯ સ્વયંસેવકોને સંસ્થાના સુપ્રીટેન્ડેન્ટ એકતા પટેલે સંસ્થાની કામગીરી તથા બાળકો અંગેની માહિતી પુરી પાડી હતી. સંસ્થાના બાળકોએ પણ કંપનીના સ્વયંસેવકો સાથે મળીને આનંદ કર્યો હતો તેમજ નાસ્તાની મોજ માણી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે જે. ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશન દ્વારા સ્પેશ્યલ ચિલ્ડ્રન હોમનું સંચાલન સંભાળ્યા બાદ સંસ્થામાં ઘણા સુવિધાજનક અને માળખાકીય વિકાસને લગતા પરિવર્તનો કરવામાં આવ્યા છે તેમજ બાળકોને વધુ સારી સવલતો તથા તાલીમ આપવા પર ધ્યાન આપવામાં આવી રહ્યુ છે. આ સાથે સાયબેઝ આશાની મદદથી જ એક નવા અદ્યતન કાઉન્સિલિંગ રૂમનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે




# એસ.વી. સ્કૂલમાં વાલીઓ માટે 'અંતાક્ષરી'નો કાર્યક્રમ યોજાયો

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. વી. ઈંગ્લીશ મિડિયમ પ્રિ-સ્કૂલમાં વાલીઓ માટે ઓનલાઇન 'અંતાક્ષરી' યોજાઈ ગઈ, જેમાં જુનિયર અને સિનિયર કે. જી. ના બાળકોની સાથે તેમના માતા-પિતા, દાદા-દાદી તથા ભાઈ-બહેનોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

# જૈન સોશ્યલ ગૃપ ગુજરાત રીજીયનનાં ઈન્ટરનેશનલ ફેડરેશનમાં વાઈસ ચેરમેન શહેરના મધુસુદન વોરાની નિમણુંક



ગાંધીનગર, તા.૨૦

શહેરની અગ્રણી સામાજીક સેવાકીય સંસ્થા જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગરનાં પ્રમુખ અને લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગરનાં પૂર્વ પ્રમુખ મધુસુદન વોરાની જૈન સોશ્યલ ગૃપ ઈન્ટરનેશનલ ફેડરેશનનાં ગુજરાત રીજીયનનાં વાઈસ ચેરમેન તરીકે વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૩ બે વર્ષ માટે નિયુકિત કરવામાં આવી છે. આ નિયુકિત બદલ લાયન્સ પરિવાર, જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર સ્થાનીકવાસી સંઘ ગાંધીનગર વિગેરે દ્વારા ખુબ જ ગર્વની લાગણી અનુભવી તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# આગામી રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસને અનુલક્ષીને 'ફન વીથ કેમેસ્ટ્રી' કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા.૨૦

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા આગામી રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણીના ભાગ રૂપે અંબા સ્કુલ ફોર એકસલન્સ, અડાલજના વિદ્યાર્થીઓ માટે વર્ચુઅલ ફન વિથ કેમેસ્ટ્રી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નિસર્ગ સાયંસ સેન્ટર ના કો-ઓર્ડીનેટર હાર્દિક મકવાણા એ વિદ્યાર્થીઓને ડો.સી.વી. રામને કરેલી શોધોની માહિતી આપી હતી તેમજ તેમના જીવન ઝરમર વિષે ચર્ચા કરી હતી. ડો. રામને શોધેલા રામના કિરણો ભૌતિક વિજ્ઞાન ક્ષેત્રે દુનિયાને કેટલા ઉપયોગી નીવડ્યા તેની પણ સમજ આપવામાં આવી હતી.

વિદ્યાર્થીઓ માટે તેમના અભ્યાસ ક્રમમાં આવતા રસાયણ વિજ્ઞાનના વિવિધ પ્રયોગો દેખાડવામાં આવ્યા હતા તેમજ તેમાં થતી રસાયણિક પ્રક્રિયાઓની સમજ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ જાતે પણ કેટલાક પ્રયોગો કરીને રોમાંચ અનુભવ્યો હતો. ઉપરાંત તાંત્રિકો અને ભૂવાઓ દ્વારા અંધશ્રદ્ધા ફેલાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતા વિવિધ પ્રયોગો જેવા કે ગ્લાસમાંથી જીન પેદા કરવો, ચોખા માંથી કંકુ કાઢવું, નારિયેળમાં દીવો કરવો,લીંબુ માંથી લોહી કાઢવું , નારિયેળ માંથી ચુંદડી અને મૂર્તિ કાઢવી જેવા અનેક પ્રયોગો વિદ્યાર્થીઓને દેખાડવામાં આવ્યા હતા અને પ્રયોગો પાછળનું વૈજ્ઞાનિક રહસ્ય સમજાવવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય હરીશભાઈ રાવળ, વિજ્ઞાન શિક્ષક મોહિતભાઈ અગ્રાવત, ભાવિનભાઈ જોષી તેમજ ૬૬ જેટલા વિદ્યાર્થીઓ ઓનલાઈન હાજર રહ્યા હતા.

# શાળાઓ શરૂ, પણ વાલીઓ તૈયાર નથી

## શહેરમાં કોરોનાનું સંક્રમણ ચૂંટણી પછી વધશે આ વાતને વેગ મળતા વાલીઓ રીસ્ક લેવા નથી માંગતા


ગાંધીનગર, તા.૨૦

શહેરની શાલાઓ ખુલી ગઈ છે. ધો-૯ થી ૧૨, ધો-૬ થી ૮ના બાળકો શાળાએ આવવા લાગ્યા છે અને હવે નાના ભૂલકાંઓ પણ શાળાએ આવવા માટે વાલીઓને કહી રહ્યા છે પરંતુ વાલીઓ બાળકોને શાળાએ મોકલવા હજી તૈયાર નથી. ધો-૧૦ થી ૧૨ના વિદ્યાર્થીઓ પ્રમાણમાં મેચ્યોર અને જવાબદાર રહી શકે છે એટલે તેમના વાલીઓ બોર્ડ આવતું હોવાને કારણે હજી શાળાએ તેમને મોકલવા માટે સંકોચ રાખતા નથી. પરંતુ હાલમાંજ ધો-૬થી ૮ના બાળકોની શાળા ખૂલતા બાળકોની ૧૫ થી ૧૭ ટકા જેટલી હાજરી જોવા મળી હતી. આ બાબતે શહેરમાં ઘણી ચર્ચાઓ થઈ રહી છે. વાલીઓ કોરોનાના કેસ હમણાંથી પાછા વધતા ચિંતિત છે. વળી મહારાષ્ટ્ર અને કેરળમાં કોરોનાના નવા સ્ટ્રેઈન મળી આવ્યા છે અને મુંબઈ અને ગુજરાતમાં આવતા જતા મુસાફરોની સંખ્યા પણ વધુ છે એટલે વાયરસ ફેલાવાની શકયતા વધી જાય છે. વળી બાળકો રમતમાને રમતમાં પોતાનું ધ્યાન ના રાખે અને કોરોનાગ્રસ્ત થાય તો સાચવવા મુશ્કેલ પડી જાય અને બાળકો ઓનલાઈન શિક્ષણથી હાલ ટેવાઈ ગયા છે. આ ઉપરાંત ચૂંટણી પછી કોરોનાના કેસ વધશે આ વાતને વેગ મળતા શહેરના વાલીઓ બાળકો માટે કોઈ જોખમ લેવા માંગતા નથી એટલે ભલે ધીમે ધીમે શાળાઓ ખુલી રહી છે પરંતુ વાલીઓ હજી બાળકોને શાળાએ મોકલવા તૈયાર જ નથી.

# જન્મદિને વધામણી



**દર્પિતા પટેલ**
રાધે-રાધે ગૃપ



**મહેકબાનુ સાહિદખાન પઠાણ**
મો. ૯૮૨૪૦ ૫૭૨૮૭



**સોની હની એ**
મો. ૯૫૭૪૦ ૯૫૯૫૧



**સોની હિમાની એ**
મો. ૯૫૭૪૦ ૯૫૯૫૧

# ચિરવિદાય

● મુકિતધામ ●

● સ્વ. ભરવાડ નાનુબેન ઝીણાભાઈ
ઉ.વ. ૫૫, સે-૧૪, ગોકુલપુરા